# Official Spokesperson's response to media queries on the terrorist attack in Logar, Afghanistan

May 05, 2021

---

# લોગર, અફઘાનિસ્તાનમાં થયેલા ત્રાસવાદી હુમલાના સંદર્ભમાં મીડિયાના પ્રશ્નો અંગે સત્તાવાર પ્રવક્તાનો પ્રતિસાદ

મે 05, 2021

**લોગર, અફઘાનિસ્તાન ખાતે થયેલા ત્રાસવાદી હુમલા અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું કેઃ**

"અફઘાનિસ્તાનના લોગર પ્રાંતમાં રમઝાન મહિનામાં થયેલા ત્રાસવાદી હુમલાને ભારત આકરા શબ્દોમાં વખોડી કાઢે છે જેમાં 21 નિર્દોષ લોકોના મૃત્યુ થયા હતા અને 100થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દુઃખની આ ક્ષણોમાં ભારત પીડીતોના પરિવારજનો અને અફઘાનિસ્તાનના લોકોની સાથે છે.

અમે અફઘાનિસ્તાનમાં ટકાઉ શાંતિ પ્રાપ્ત થાય તે માટે કાયમી અને સંપૂર્ણ સંઘર્ષવિરામની જરૂરિયાતનો પુનરોચ્ચાર કરીએ છીએ.

આ પ્રકારના હુમલા માટે જવાબદાર ત્રાસવાદને ઉત્તેજન આપવાનું અને તેને શરણ આપવાનું બંધ કરવા માટે ભારત હંમેશાથી માંગણી કરતું આવ્યું છે.

ભારત અફઘાનિસ્તાનના લોકોની સાથે છે અને ત્રાસવાદ વિરોધી નિરંતર યુદ્ધ માટે બહાદુરી દેખાડનાર અફઘાનદળોને સલામ કરે છે."

**નવી દિલ્હી**
**મે 05, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.